**Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai**
*Conducted*
**MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI**

542, Jagannath Shankar Sheth Road, Chira Bazar, 3rd Floor, Above Dashshrimali office, Mumbai – 400 002.
Tel.: 22018629 Website : jaineducationboard.org E-mail : jainshikhshanboard@gmail.com

## ૬ જાન્યુઆરી ૨૦૧૯ - મહિલામંડળ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૯ થી ૧૨

## શ્રેણી – ૧૭

**પ્રશ્ન૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.** (૧૫)

(૧) મનનો ચોથો, વચનનો ૮ મો, કાયાનો ૩ જો અને ૧૦ મો દોષ લખો. (૨)
(૨) નીચેનાના અર્ધમાગધી શબ્દ લખો. (૧.૫)
(ક) વિશેષ શુધ્ધિ કરવા માટે (ખ) વિશેષ નિર્મલ (ગ) અચલ, સ્થિર સ્વરૂપ
(૩) જીવ કેટલા પ્રકારે વિરાધના કરે છે. કોઈપણ બેના નામ લખો. (૧.૫)
(૪) અર્થ જણાવો: (ક) શતક (ખ) ચૂલિકા (ગ) પ્રતિપત્તિ (ઘ) પાહુડ (૨)
(૫) દશવૈકાલિક સૂત્રમાં શેનું વર્ણન આવે છે ? (૨)
(૬) અસજ્ઝાય એટલે શું ? કારતક સુદ બીજના કઈ અસજ્ઝાય લાગે ? (૩)
(૭) સૂર્યોપરાગ અસજ્ઝાયનો સમય કેટલો ? (૧)
(૮) કયા ઉપાંગસૂત્રો ફક્ત ધર્મકથાના સૂત્રો છે ? (૨)

**પ્રશ્ન ૨ શ્રી આચારાંગ સૂત્રના આધારે જવાબ આપો.** (૫)

(૧) ભગવાન મહાવીરને દીક્ષા પછી તરત જ કયા તિર્યંચના ઉપસર્ગ આવ્યા શા માટે (૨)
(૨) ભગવાન કયારથી અચેલક બની ગયા ? (૧)
(૩) દીક્ષા પૂર્વે ભગવાનની ત્યાગસાધના કેવી હતી ? (૨)

**પ્રશ્ન ૩ શ્રી ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો.** (૧૦)

(૧) શ્રુતધર્મના પ્રકાર જણાવો. (૨)
(૨) ગતિપર્યાય અને કાળસંયોગ એટલે શું ? (૩)
(૩) સુદર્શન જંબુ વૃક્ષ પર .................. ના અધિપતિ .................. દેવ રહે છે. (૧)
(૪) ૧ સાગરોપમ = .................. પલ્યોપમ (૨)
પલ્યોપમ માપવા માટે વપરાતા પાલાનું માપ .................. થી મપાય છે.
(૫) કેવા પ્રકારના આત્મા કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે ? (૨)

**પ્રશ્ન ૪ શ્રી જ્ઞાતાધર્મકથા ના આધારે જવાબ લખો.** (૧૦)

(૧) ધન્ય સાર્થવાહના નગરનું નામ, તેના રાજાનું નામ, તેના ઉદ્યાનનું નામ અને ધન્યની પત્નીનુંનામ લખો.
(૨) કયા ૪ પ્રકારનો આહાર ધન્ય સાર્થવાહે મહેમાનો માટે તૈયાર કરાવ્યો ? (૧)
(૩) રક્ષિકાને જ્યારે ધન્ય સાર્થવાહે ચોખાના પાંચ દાણા આપ્યા ત્યારે તેણે શું વિચાર્યું ? (૩)
તેણે દાણાનું શું કર્યુ ?
(૪) સાધુના ક્ષમા આદિ ગુણો કેવી રીતે નાશ પામે છે ? (૩)
(૫) ધન્ય સાર્થવાહે .................. ને સંપત્તિના ભંડારી તરીકે અને .................. ને ઘરની (૧)
સંચાલક અને સર્વસર્વારૂપ નિયુક્ત કરી.

પ્રશ્ન ૫ (ક) શ્રી ઉપાસક દશાંગસૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(૧) કુંડકૌલિક અને સાલિહીપિતાના અધ્યયન કેટલામા છે ? (૧)

(૨) આનંદ શ્રાવક .................. માં રહેતા હતા અને તેની પાસે .................. ગાયો હતી. (૧)

(૩) આનંદ શ્રાવકે કયો ધર્મ સ્વીકાર કર્યો ? (૨)

(૪) આનંદ શ્રાવકે માલીશ કરવાના કયા તેલના પચ્ચકખાણ કર્યા ? (૧)

(૫) ભગવાનની દેશના સાંભળીને ઘરે આવ્યા પછી આનંદ શ્રાવકે શિવાનંદાને શું કહયું ? (૩)

(૬) આનંદ શ્રાવકે શ્રાવકની .................. પડિમાનું આરાધન અંદાજે .................. વર્ષ સુધી કર્યું. આનંદ શ્રાવકે .................. સંન્નિવેશની .................. ની પૌષધશાળામાં સંથારો કર્યો. (૨)

(ખ) શ્રી અંતગડ સૂત્રના આધારે જવાબ લખો. (૫)

(૧) કેટલામા અંગને અંતકૃતદશાંગ સૂત્ર કહે છે ? શા માટે ? (૩)

(૨) ગૌતમ અણગાર .................. ની આંખ દ્વારા જ સર્વ કાર્ય કરતા હતા. તેમણે ભિક્ષુની .................. પડિમા ગ્રહણ કરી હતી. (૧)

(૩) તેમણે કેટલો અભ્યાસ કર્યો હતો ?

(ગ) શ્રી અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો. (૫)

(૧) શ્રી અનુત્તરોવવાઈ સૂત્રના .................. વર્ગ છે. પ્રથમ વર્ગના .................. અધ્યયન છે. તેમાં ૭ મું અધ્યયન .................. નું છે અને ૧૦ મુ અધ્યયન .................. નું છે. (૨)

(૨) જાલિ-અણગાર સ્વભાવથી કેવા હતા ? (૨)

(૩) જાલિ અણગારે .................. વર્ષ સુધી શ્રમણપર્યાયનું પાલન કર્યું અને .................. પર્વત પર સંથારો કર્યો. (૧)

પ્રશ્ન ૬ શ્રી ભગવતીસુત્રના આધારે જવાબ લખો. (૧૦)

(૧) સાધુ ૩૦ દિવસના સંયમ થી કોનું સુખ ઉલ્લંઘી જાય ? મહાશુક્રના દેવનું સુખ ઉલ્લંઘવા શું કરવું જોઈએ ? (૨)

(૨) તમારી બુકમાં ૧૭ મી શ્રેણીમાં ભગવતી સૂત્રના જે જે થોકડા છે તેના નામ, શતક અને ઉદ્દેશા સાથે લખો. (૨)

(૩) દેવો અંતકાળ નજીક જાણીને શું ચિંતા કરે છે ? (૨)

(૪) કઈ અપેક્ષાએ જીવ ઈન્દ્રિયરહિત ઉત્પન્ન થાય છે ? શા માટે ? (૧)

પ્રશ્ન ૭ શ્રી દશવૈકાલિક અને પુચ્છિંસ્સુણંના આધારે લખો. (કોઈપણ પાંચ) (૧૫)

ભાવાર્થ સાથે ગાથા લખો. (૫)

(૧) એમે એ સમણા (૪) પુટ્ઠે નભે

(૨) કુહં નુ કુજ્જા (૫) રુકખેસુણાએ

(૩) ધુવણેત્તિ (૬) પુઢોવમે

પ્રશ્ન ૮ પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(૧) જે દેવની સ્થિતિ સંખ્યાતકાળની છે તેમના શ્વાસોચ્છવાસ ................પ્રમાણે, (૨)
જે દેવની સ્થિતિ પલ્યોપમની છે તેમના શ્વાસોચ્છવાસ ................પ્રમાણે,
જે દેવની સ્થિતિ સાગરોપમની છે તેમના શ્વાસોચ્છવાસ................પ્રમાણે
પાંચ સ્થાવરના જીવો................થી શ્વાસ લે છે.

(૨) ................ના દેવો જઘન્ય ૨૪ પક્ષે શ્વાસ લે છે. (૧)

(૩) ભયસંજ્ઞા કયા કયા કારણથી ઉપજે છે. ? (૨)

(૪) દેવમાં રહેલ આહારાદિ ૪ સંજ્ઞાનો અલ્પબહુત્વ લખો. (૨)

(૫) પંકપ્રભા ના નારકીને કઈ કઈ વેદના ના હોય ? (૧)

(૬) દેવતામાં કઈ કઈ વેદના નથી ? કારણ આપો. (૨)

પ્રશ્ન ૯ આગમ પરંપરાના આધારે જવાબ લખો. (૫)

(૧) ૧લા પૂર્વની વત્થુ કેટલી ? ૨વત્થુ કયા પૂર્વની છે ? (૧)

(૨) કયા કયા આચાર્ય શ્રુતકેવલીપણે વિચર્યા ? (૨)

(૩) કુલ કેટલી વાચના થઈ ? તેમાંથી ત્રણના નામ લખો. (૨)

.... જય જિનેન્દ્ર ....